# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-10-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. ગૂજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું કે વિકસિત અને આત્મનિર્ભર રાષ્ટ્ર બનાવવું એ આજે આપણી ટોચની પ્રાથમિકતા છે.
2. રાજ્યની ગ્રામ પંચાયતોને ઓક્ટ્રોય વળતરના અનુદાનરૂપે 576 કરોડ રૂપિયાની રકમ ચૂકવણીનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી
3. વિકાસ સપ્તાહ અંતર્ગત રાજ્યભરમાં ૨૨૫ કરોડ રૂપિયાથી વધુના ચાર હજાર ૩૪૧ જેટલા કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત સંપન્ન
4. અનેક નામાંકિત ફિલ્મી કલાકારોની ઉપસ્થિતીમાં અમદાવાદમાં ફિલ્મફેર એવોર્ડ કાર્યક્રમ
5. વિનુ માંકડ ટ્રોફી અંડર-19માં વિદર્ભ સામે ગુજરાતનો સુપર ઓવરમાં વિજય

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PRESIDENT – GUJ.VIDHYAPITH CONVOCATION

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું કે વિકસિત અને આત્મનિર્ભર રાષ્ટ્ર બનાવવું એ આજે આપણી ટોચની પ્રાથમિકતા છે.

અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠના 71 માં પદવી દાન સમારોહને સંબોધતા સુશ્રી મુર્મુએ સ્વદેશી અને આત્મનિર્ભરતામાં ગુજરાત વિદ્યાપીઠની ભૂમિકા બિરદાવી હતી અને વિદ્યાર્થીઓને આત્મ નિર્ભરતાના સંવાહક ગણાવ્યા હતાં. તેમણે વિદ્યાર્થીઓને બાહ્ય પરિસ્થિતિથી હતાશ ન થઈ હિંમત રાખી ઉચ્ચ આદર્શ સાથે અને વૈશ્વિક દ્રષ્ટિકોણ સાથે આગળ વધવા હાકલ કરી હતી.

(બાઈટ દ્રૌપદી મુર્મુ , આત્મનિર્ભર)

શ્રીમતી મુર્મૂએ ગુજરાતના ઉદ્યમીઓને દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં પોતાની છાપ છોડી છે.

(બાઇટ- શ્રીમતી મુર્મૂ, ઉદ્યોગો)

આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે 9 વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા. આજે યોજાયેલા પદવી દાન સમારોહમાં કુલ 1 હજાર 713 વિદ્યાથીઓને પી એચ ડી, એમ ફિલ, સ્નાતક અનુસ્નાતક સહિતની વિવિધ વિદ્યા શાખાઓની પદવી એનાયત કરવામાં આવી.

આ પ્રસંગે સંબોધન કરતા વિદ્યાપીઠના કુલાધિપતિ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વિદ્યાર્થીઓને આત્મ નિર્ભર અને વિકસિત ભારતના નિર્માણ માટે સ્વદેશી અપનાવવા હાકલ કરી હતી.

તેમણે કહ્યું કે, દીક્ષાંત સમારોહ શિક્ષણનો અંત નથી પણ નવી શરૂઆત હોવાનું ગણાવતા વિદ્યાર્થીઓને પોતાનું જ્ઞાન સમાજ સુધી પહોંચાડવા અનુરોધ કર્યો.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે શ્રમ, સ્વદેશી અને સ્વાવલંબન જેવા મૂલ્ય આધારિત શિક્ષણ બદલ ગુજરાત વિદ્યાપીઠની કામગીરી બિરદાવી હતી. યુવાઓને વિકસિત ભારતનો મહત્વનો પાયો ગણાવતા શ્રી પટેલે કહ્યું કે યુવા શક્તિ માટે આજનો સમય સુવર્ણ કાળ છે. તેમણે વિદ્યાર્થીઓને કૌશલ્ય, મહેનત અને સંશોધન થકી ભારતને વિકસિત બનાવવામાં યોગદાન આપવા જણાવ્યું હતું.

-------------

# CM RAJKOT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે 'વિકાસ સપ્તાહ' અંતર્ગત રાજકોટ ખાતે આયોજિત 'વિકસિત ગામ વિકસિત ગુજરાત' રાજ્યકક્ષાના કાર્યક્રમમાં પંચાયતોને ઓક્ટ્રોય ગ્રાન્ટના ૫૭૬.૭૨ કરોડ રૂપિયાની રકમના વિતરણનો આરંભ કરાવ્યો હતો. ઉપરાંત 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનારી પંચાયત સહિતની આઠ જેટલી સરકારી સંસ્થાઓનું સન્માન તેમજ શ્રેષ્ઠ કામગીરી કરનારા ચાર સ્વ સહાય જૂથોનું સન્માન કરવામાં આવ્યું હતું.  મુખ્યમંત્રીએ આ પ્રસંગે  કહ્યું હતું કે, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વેગ આપવા રાજ્યમાં ઓક્ટ્રોય નાબૂદી થઇ હતી.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી, ઓક્ટ્રોય)

આ વર્ષે રાજ્યમાં ૭૬૧ ગ્રામ પંચાયતો સમરસ થઈ હોવાનું જણાવતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ટેક્નોલોજી અને ડ્રોન દીદી યોજનાથી એક ડ્રોન દીદી વર્ષે રૂપિયા ૧૪ લાખની કમાણી કરે છે.. આપણે સ્વદેશીને અપનાવીને સ્વદેશી વસ્તુઓ જ વેચીએ, ખરીદીએ અને તેનો ઉપયોગ કરીએ તેવી મુખ્યમંત્રીએ અપીલ કરી હતી.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી, સ્વદેશી)

મુખ્યમંત્રીએ રાજકોટ શહેર-જિલ્લાનાં આશરે ૧૯૪ કરોડ રૂપિયાના વિકાસકાર્યોના ઈ-ખાતમુહૂર્ત કર્યા હતા.

-------------

# Vikas Saptah - District

રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઉજવણી દરમ્યાન વિકાસ રથના દરેક જિલ્લામાં ફરી રહ્યો છે. વિકાસરથના માધ્યમથી કુલ ૨૨૫ કરોડ રૂપિયાથી વધુના ૪ હજાર ૩૪૧ જેટલા કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત સંપન્ન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વિવિધ યોજનાના ૧૩ હજાર ૧૨૦ જેટલા લાભાર્થીઓને કુલ ૧૯ કરોડ ૮૬ લાખ રૂપિયાની સહાય વિતરણ કરવામાં આવી હતી. વધુમાં કુલ ૮૧ હજાર કરતાં વધુ નાગરિકોએ ભારતના વિકાસની પ્રતિજ્ઞા પણ લીધી હતી. રાજ્યભરમાં વિકાસ સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં.

કેબિનેટ મંત્રી કુંવરજીબાવળીયાના અધ્યક્ષસ્થાને મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના વઘાસિયા ગામ ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. શ્રી બાવળિયાએ જણાવ્યું હતું કે, સરકારના ભગીરથ

પ્રયાસોથી આરોગ્ય, શિક્ષણ, પાણી, રોડ-રસ્તા સહિતના વિકાસ કાર્યોથી ગામડાઓ વિકસિત બન્યા છે. વધુમાં તેમણે સૌને સ્વદેશી વસ્તુઓ અપનાવા અનુરોધ કર્યો હતો. મોરબીમાં એ.કે.સહયોગ કોમ્યુનિટી હોલ ખાતે મહિલા ઔદ્યોગિક સાહસિકતા સેમિનાર પણ યોજાયો હતો.

સાબરકાંઠાના પોશીના તેમજ ગણવા ખાતે ટોબેકો મુક્ત યુવા અભિયાન અંતર્ગત વ્યસનથી થતા નુકસાન, વ્યસન છોડવાના ઉપાયો, તમાકુ નિયંત્રણ અધિનિયમ 2003ના કાયદાની કલમો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હિંમતનગર તાલુકાના કડોલી ગામમાં વિકાસ રથ દ્વારા નાગરિકોને રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

ગીર સોમનાથ જિલ્લામાં ડોળાસા ગામ ખાતે નાગરિકોને વિવિધ લોક કલ્યાણકારી યોજનાઓની માહિતી અપાઈ તેમજ ૧ કરોડ ૨૧ લાખ રૂપિયાના ૭૦ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું.

મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના કોયડમ ગામ ખાતે વિકાસ રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

નાણાંમંત્રી કનુ દેસાઈએ વાપી ખાતે ૧૫ કરોડ ૮૦ લાખ રૂપિયાના રસ્તા મજબૂતીકરણ, રિસર્ફેસિંગનું ખાતમુહૂર્ત કર્યું હતું. મંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, મહાનગરપાલિકા બન્યા બાદ વાપીના વિકાસ માટે અનેક કાર્યો થઈ રહ્યા છે

સુરત જિલ્લાના મહુવાના અનાવલ ગામેવિકાસરથનું સ્વાગત કરાયું તેમજ પદાધિકારીઓ અને ગ્રામજનોએ ‘ભારત વિકાસ પ્રતિજ્ઞા’ લીધી હતી.

------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# SURAT PM DHAN DHANY YOJNA

GST બચત ઉત્સવ'ના અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ૪૨ હજાર કરોડ રૂપિયાથી વધુની ખેડૂતલક્ષી 'પીએમ ધન ધાન્ય કૃષિ યોજના' અને કઠોળ આત્મનિર્ભરતા મિશનનો દિલ્હીથી વર્ચ્યુઅલી ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વેસુ સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર. પાટીલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રીએ કહ્યું હતું કેપીએમ ધન-ધાન્ય કૃષિ યોજનાથી ખેડૂતોની આવક વધારવા માટે ૧૦૦ ઓછી ઉત્પાદકતાવાળા જિલ્લાઓનો સર્વાંગી વિકાસ થશે, દરેક ખેતર થશે સિંચિત, દરેક પાક થશે અને વિવિધ-ખેડૂતો સુધી પહોંચશે સરળ લોન અને સંગ્રહ સુવિધાઓ, તમામ યોજનાઓના એકસાથે જોડાણ થવાથી ખેડૂતોને સીધો લાભ મળશે.

-------------

# FILMFARE AWARD

અમદાવાદના ટ્રાન્સસ્ટેડિયા સ્ટેડિયમ ખાતે 70મો ફિલ્મફેર – 2025 એવોર્ડ સમારંભ યોજાઇ રહ્યો છે. ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આયોજિત આ ફિલ્મ ફેર એવોર્ડ સમારંભમાં ફિલ્મ અને મનોરંજન જગતની જાણીતી હસ્તીઓ અને ફિલ્મ કલાકારો, પ્રોડ્યુસર, ડાયરેક્ટર તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત છે.

-------------

# RITA SHAH DEATH

આકાશવાણી ગુજરાતી સમાચાર સેવાનાં ભૂતપૂર્વ સમાચારવાચક સુશ્રી રીટા શાહનું અવસાન થયું છે. તેઓ 76 વર્ષના હતા. રેડિયો યુગ ગણાય એવા સમયમાં તેમણે આકાશવાણીમાં સમાચાર વાચક તરીકે દિર્ઘકાલીન લાંબી સેવા આપી હતી. સદગત રીટાબહેન માયાળુ સ્વભાવના હતા. આકાશવાણી પરિવાર સદગત રીટા શાહને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પે છે.

-------------

# VINU MANKAD TROPHY

વિનુ માંકડ ટ્રોફી અંડર-19 મેન્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આજે ઝજ્જર ખાતે રમાયેલી મેચમાં વિદર્ભ સામે ગુજરાતે સુપર ઓવરમાં જીત મેળવી હતી. નિર્ધારિત 50 ઓવરમાં ગુજરાતે 9 વિકેટ ગુમાવીને 183 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જેના જવાબમાં વિદર્ભની ટીમ 7 વિકેટે 183 રન બનાવતા મેચ સુપર ઓવરમાં પરિણમી હતી. જેમાં વિદર્ભે એક ઓવર વિના વિકેટે 10 રન બનાવ્યા હતા. જેના જવાબમાં 4 બોલમાં 11 રન બનાવીને જીત મેળવી હતી.

-------------

# CHOTILA BIO DESEAL

સુરેન્દ્રનગરના ચોટીલા હાઈવે ઉપર બે હોટલ ઉપર નાયબ કલેક્ટરની ટીમે 43 હજાર 250 લીટર ગેરકાયદે બાયોડીઝલ ઝડપ્યુ હતું..ચોટીલાના નાયબ કલેકટર એચ.ટી. મકવાણા અને તેમની ટીમે ચોટીલા હાઈવે ઉપર મોટી મોલડી ગામ પાસે આવેલી યુપી બિહાર પંજાબી ઢાબા હોટલ અને યુપી બિહાર દરભંગા હોટલ ખાતે રેડ કરી હતી..

આ દરોડા દરમિયાન  પાંચ ટાંકામાં છુપાવેલો ગેરકાયદેસર 43 હજાર 250 લિટર બાયોડીઝલનો જથ્થો ઝડપી પાડ્યો છે અને વાંકાનેર તાલુકાના ઠીકરીયાળા ગામના તથા ચોટીલા તાલુકાના ખેરડી ગામના એક એક શખ્સ સામે કાર્યવાહી કરી છે એક ટેન્કર તેમજ બાયોડીઝલનો જથ્થો મળીને રૂપિયા 70 લાખ 70, હજારથી વધુનો મુદ્દા માલ પ્રાપ્ત કર્યો છે.

-------------

# Narmada dam

નર્મદા બંધ 138.68 મીટરની પૂર્ણ સપાટીથી ભરાઇ જતાં ફરીથી બંધના 3 દરવાજાઓ 0.62 મીટર ખોલાયા છે.

નર્મદા બંધની સપાટીમાં 6 દિવસથી એક સેમીનો ઘટાડો થયો હતો,પણ ઉપરવાસથી પાણીની આવક વધતાં , હવે ડેમના 3 દરવાજાઓ 0.62 મીટરની સપાટીથી ખોલવામાં આવ્યાં છે. નદીમાં 57 હજાર કયુસેક પાણી છોડવામાં આવી રહયું છે.

-------------

# Kheda Swagat Karaykram

ખેડાજિલ્લામાં નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતેથી 'આરોગ્ય સ્વાગત કાર્યક્રમ'નો પ્રારંભ કરાયો.

આ નવતર પહેલ અંતર્ગત જિલ્લાની સામાન્ય જનતા આરોગ્ય યોજનાઓ અને કાર્યક્રમોને લગતી પોતાની મુશ્કેલીઓ કે સમસ્યાઓની લેખિત રજૂઆત કરી શકશે.

આ તમામ રજૂઆતોના નિરાકરણ માટે મહિનાના ચોથા ગુરુવારે સવારે 'આરોગ્ય સ્વાગત કક્ષ' પ્રયાસો કરાશે.

-------------